Seat No. : ______________

# NM-113

**November-2025**

**B.A., Sem.-III**

**DSC-C-GUJ-231 : Gujarati**

**(ગુજરાતીમાં સાહિત્યસ્વરૂપનો અભ્યાસ – ખંડકાવ્ય)**

**Time : 2:00 Hours]** **[Max. Marks : 50**

સૂચનાઓ : (1) બધા પ્રશ્નો ફરજિયાત છે.
(2) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

1. ખંડકાવ્યનો અર્થ સ્પષ્ટ કરી તેમના લક્ષણો વિશે વિગતે નોંધ તૈયાર કરો. **10**

**અથવા**

1. ખંડકાવ્ય સ્વરૂપ સમજાવી ગાંધીયુગ અને અનુગાંધી યુગમાં થયેલા ખંડકાવ્યના વિકાસ સંદર્ભે પરિચય કરાવો. **10**

2. તમારા અભ્યાસક્રમના આધારે ‘શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્ય’નું મૂલ્યાંકન કરો. **10**

**અથવા**

2. ટૂંકનોંધ લખો : (બંને ફરજિયાત છે.) **10**
(1) “જટાયું” ખંડકાવ્યમાં પુરાકલ્પન
(2) “એભલવાળો” ખંડકાવ્યનું કથાવસ્તુ

3. “વસંતવિજય” અને ‘ગ્રામમાતા’ ખંડકાવ્ય તરીકે રસલક્ષી વિવેચન કરો. **10**

**અથવા**

3. ટૂંકનોંધ લખો : (બંને ફરજિયાત છે.) **10**
(1) “ભટ્ટબાણ” શીર્ષકનું કથાવસ્તુ
(2) “શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્યો”માં ભાષાપ્રભુત્વ

4. નીચેના પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો : **10**
(1) ચાલો એવા સ્થલ મહીં, વસે સુર્ય જેમાં સદૈવ,
આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ !
(2) ભય સંકોચ ને લજ્જા થયું સૌ દૂર તત્ક્ષણે
સસ્મિત પ્રેક્ષવા લાગ્યાં ઉભય સ્નિગ્ધ લોચને.

**અથવા**

(1) ત્યજું મ્હોરેલી આ નગરી, કુમળી વેલ, બળતી
ત્વચાથી બાળું એ પ્રથમ. સઘળાંને ત્યજી દઉં.
(2) પ્રિયા પ્રિતમની તેને પોતે પ્રિયતરા કરી;
તે વાંછ્યું ખોલવા હૈયાભાવ ગૂઢ મહાબલ.

5. નીચેનામાંથી કોઈપણ **દસ**નો યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : **10**

(1) "ટૂંકો શબ્દ એકનો અર્થ સંકેત કરી શકતો નથી, ખંડકાવ્ય તો એક પ્રસંગનું નિરૂપણ હોય છે." - આ વિધાન કયા વિવેચકે આપ્યું છે ?
(a) બ.ક. ઠાકોર (b) ઉમાશંકર જોષી
(c) ડોલરરાય માંકડ (d) રા.વિ. પાઠક

(2) નર્મદે ખંડકાવ્ય માટે કયો શબ્દ પ્રયોજ્યો છે ?
(a) ઉર્મિકાવ્ય (b) સંગીતકાવ્ય (c) પ્રસંગકાવ્ય (d) કથનો ઉર્મિકાવ્ય

(3) ગુજરાતી સાહિત્યમાં ખંડકાવ્યનું નખશિખ સ્વરૂપ ઘડી આપવાનું કયા કવિને ફાળે જાય છે ?
(a) કાન્ત (b) વિનોદ જોષી (c) ઉમાશંકર જોષી(d) સુરેશ જોષી

(4) "વ્યક્તિત્વના આખા જીવનને બદલે જેમાં તેના જીવનનો અમુક વૃતાંત હોઈ તેને હું ખંડકાવ્ય કહું છું" આ વિધાન કોણે કહ્યું છે ?
(a) નરસિંહરાવ (b) નર્મદ (c) કાન્ત (d) રા.વિ. પાઠક

(5) "શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્યો"ની પ્રથમ આવૃત્તિ ક્યારે પ્રગટ થઈ ?
(a) 1985 (b) 1980 (c) 1990 (d) 1995

(6) શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્યના સંપાદક કોણ છે ?
(a) જયંત પાઠક - સતીષ વ્યાસ (b) સતીષ વ્યાસ - વિનોદ જોષી
(c) ચિનુ મોદી - સતીષ વ્યાસ (d) ચિનુ મોદી - યોગેન્દ્ર વ્યાસ

(7) તમારા અભ્યાસક્રમના આધારે પ્રથમ ખંડકાવ્ય કયું છે ?
(a) ગ્રામમાતા (b) ચક્રવાક મિથુન
(c) વસંતવિજય (d) શિખંડી

(8) "જાણું તારી પ્રિતી મોટી, કૈં તે યોગ્ય ન આચરું" – આ પંક્તિ કયા ખંડકાવ્યની છે ?
(a) ભટ્ટબાણ (b) બાહુક (c) જટાયું (d) શિખંડી

(9) નીચેનામાંથી કયું યુગ્મ બંધબેસતું નથી ?
(a) ધૂમકેતુ - સુન્દરમ્ (b) શિખંડી - ચિનુ મોદી
(c) ગ્રામમાતા - કલાપી (d) શાપસંભ્રમ - નર્મદાશંકર ભટ્ટ

(10) નીચેનામાંથી આધુનિક યુગના ખંડકાવ્યના કવિ કોણ છે ?
(a) કલાપી (b) વિનોદ જોષી
(c) ઉમાશંકર જોષી (d) નરસિંહરાવ

(11) નીચેનામાંથી કયું યુગ્મ સાચું છે ?
(a) વસંતવિજય - નરસિંહરાવ (b) ભટ્ટબાણ - ઉમાશંકર જોષી
(c) જટાયું - વિનોદ જોષી (d) છેલ્લી પૂજા - પ્રહલાદ પારેખ

(12) "ધ્રુજતે હાથે એ તુંબડું ઝાલી, ભરીને નિર્મળ નીર" - આ પંક્તિ કયા ખંડકાવ્યમાંથી લેવામાં આવી છે ?
(a) દશરથનો અંતકાળ (b) બાહુક
(c) ગ્રામમાતા (d) જટાયું